Continuous Edition : 127
RNI No. : GUJBIL/2010/40422
Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH

# TODAY AND TOMORROW

Vol. 12 - Issue - 06 - January 2022

## OSHWAL EDUCATION TRUST
MANAGED

## SHRI L. G. HARIA SCHOOL
(ENGLISH MEDIUM)

## PLAY HOUSE TO STD 12TH
(SCIENCE & COMMERCE)




## 40 YEARS OF EXCELLENCE IN EDUCATION

Date of Publication : 1st January, 2022
Periodicity : Monthly

## OSHWAL EDUCATION TRUST

# ADMISSION OPEN

OPEN

**PRE-PRIMARY TO X**

A Unit Of Oshwal Education Trust

# HARIA
## GLOBAL SCHOOL

**CBSE AFF. No.:**
**430448**

*"Shaping Young Minds In An Innovative Way"*

## WHAT MAKES US SPECIAL

- *Dance*
- *Music*
- *Art & Craft*
- *Karate*
- *Sports*
- *Monthly Educational Visit*
- *CCA Activities*
- *Festival Celebration*
- *Entire Campus Under CCTV Surveillance*

**Contact No.:** 0288 - 2568201, 2567201
**Email:** info@hariaglobalschool.com
**Web:** www.hariaglobalschool.com

*Address: Near Haria College, Ahead Of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar*

RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. Jam/GJN-194/2020-2022

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ

ચેરમેન - શ્રી કાંતિલાલ એલ. હરિઆ
મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી રમણીકલાલ કે. શાહ
માનદ્મંત્રી - શ્રી ચંદુલાલ આર. શાહ
ટ્રસ્ટી - શ્રી જયંતિલાલ એલ. હરિઆ
ટ્રસ્ટી - શ્રી મોહનલાલ જી. ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી શાંતિલાલ ડી. નાગડા
ટ્રસ્ટી - શ્રી ભરતેષભાઈ કે. શાહ
ટ્રસ્ટી - શ્રી કેશવજી મેઘજી ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી મનીષભાઈ કે. હરિઆ
ટ્રસ્ટી - શ્રીમતી અલ્કાબેન જે. મારૂ
ટ્રસ્ટી - શ્રી રમેશ કેશવજી શાહ

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 06 - January 2022

## સંપાદક મંડળ

એડિટર - વ્યોમેશ એમ. વૈદ્ય
સબ એડિટર - બંસરી એમ. ભટ્ટ
સભ્યશ્રી - પ્રફુલભાઈ છેડા
સભ્યશ્રી - જીપાલ આર. પટેલ

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 06 - January 2022

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00 or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org

## Monthly Magazine of Oshwal Youth January - 2022

Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



**પ્રકાશકની કલમે...**

**શ્રી રમણીકલાલ કે. શાહ**

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ અને તેનો ક્રમિક વિકાસ

**સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,**
**ચણાયેલી ઈમારત એનાં નકશામાં નથી હોતી.**

આ પ્રખ્યાત શેર અનુસાર જીવન હોય કે ઈમારત બન્નેને પાયાનાં પ્રારંભથી સફળતાની ટોચ સુધી પહોંચાડનાર બે પરિબળ છે અથાગ પ્રયત્ન અને સતત સંઘર્ષ. વિશ્વની કોઈપણ વિરલ વિભૂતિ હોય કે ખ્યાતનામ ઈમારત હોય, એનાં પાયામાં આ બે પરિબળ અડીખમ યોધ્ધા સમાન એની બુલંદીને વિશ્વફલક પર પહોંચાડનાર હોય. છોટી કાશી એવા જામનગરમાં પણ આલા દરજ્જાની આવી શૈક્ષણિક સંસ્થા નવાનગરનાં ઈતિહાસમાં મુઠ્ઠી ઉંચેરું સ્થાન પામી છે. હાલમાં ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ અને તેનાં ક્રમિક વિકાસ નાં ઈતિહાસનું વિહંગાવલોકન ઘણું રસપ્રદ છે.

આ શૈક્ષણિક સંસ્થાની શ્રી લખમશીભાઈ ગોવિંદજી હરિઆનાં પાવન નામથી તા. ૦૪/૧૨/૧૯૮૧નાં શુભમંગલ દિવસે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનાં શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. આ સંઘર્ષનાં સમયે બિલ્ડિંગ કરતા વિદ્યાર્થીઓના ભાવિને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જામનગરની મહિલા કોલેજનાં ભારતીય વિદ્યાભવનમાં આ નાનકડી શૈક્ષણિક સંસ્થા જ્યારે કાર્યરત બની ત્યારે કોઈને સપનેય પણ ખ્યાલ નહીં હોય કે નાનકડું એવું આ શૈક્ષણિક બીજ એક દિવસ વટવૃક્ષ બનીને નગરની શોભા વધારશે. સતત પાંચ વરસ સુધી ત્યાં ચાલેલી આ સ્કૂલ પાસે ટાંચા સાધનો અને સ્ટાફ હતા પણ મનોબળ મક્કમ હતું. પરિણામે પાંચ વર્ષ પછી જામનગર જી. આઈ. ડી. સી. એ સંસ્થાને સરકારી ધારાધોરણ પ્રમાણે એક કોમન પ્લોટ અને દોઢ લાખ રૂપિયા ગ્રાન્ટ પેટે આપતા જ ત્યાં શાળા માટે નવું બિલ્ડીંગ બન્યું. એ વખતે શહેરમાં અંગ્રેજી માધ્યમની શાળાઓ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હતી. પરિણામે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા જ બીજો માળ બાંધવો પડયો. એ વખતે એ વાત ધ્યાને આવી કે શહેરમાં અંગ્રેજી માધ્યમની કોઈ કોલેજ નથી તો એ બાબતે વિચાર કરવો જોઈએ. પછી શ્રી મોહનલાલ ગોસર ગોસરાણી તરફથી રૂા. ૨૧ લાખનું માતબર દાન મળતા જ શૈક્ષણિક સંસ્થાઓનાં ક્રમિક વિકાસને જાણે કે પાંખો આવી. સારા કાર્યનું એક વખત મંડાણ થાય એટલે ઈશ્વર પણ દાતાનું રૂપ લઈને એને આગળ વધવામાં મદદ કરે જ. ધીમે ધીમે પોતાનું નામ અને ગજુ વધારતી આ અલગ અલગ કોલેજોને શ્રી શાહ ભગવાનજી કચરા તરફથી આશરે બે એકર જમીન દાનમાં મળતા જ તેમાં અદ્યતન બિલ્ડિંગ બનાવીને બધીજ કોલેજોને ત્યાં સિફ્ટ કરવામાં આવી. જેમાં

શ્રી ગોસર હંસરાજ ગોસરાણી કોમર્સ કોલેજ (૧૯૯૮)
શ્રી ધરમશી દેવરાજ નાગડા બી. બી. એ. કોલેજ (૧૯૯૮)
શ્રી જયસુખલાલ વાધર ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (જે.વી.આઈ.એમ.એસ.) એન્ડ શ્રી બિપીન ટી. વાધર કોલેજ ઓફ મેનેજમેન્ટ એમ.બી.એ. કોલેજ (૨૦૦૦)
હરિઆ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પોકન ઈંગ્લીશ એન્ડ પર્સનાલીટી ડેવલપમેન્ટ (૨૦૦૧)
શ્રીમતિ ચંદ્રમણીબેન ઝવેરચંદ મેઘજી ગોસરાણી બી.સી.એ. કોલેજ (૨૦૦૨)
શ્રી નાથાલાલ વિરપાર શાહ બોયઝ હોસ્ટેલ (૨૦૦૪)
શ્રીમતિ જશોદાબેન નાથાલાલ વિરપાર શાહ ગર્લ્સ હોસ્ટેલ (૨૦૦૪)
શ્રી કેશવજી ભારમલ સુમરીયા એમ. સી. એ. કોલેજ (૨૦૦૮)
હરિઆ કીડલેન્ડ પાર્ક પ્લે હાઉસ (૨૦૧૧)
હરિઆ ગ્લોબલ સ્કૂલ (સી.બી.એસ.ઈ. સ્કૂલ)
શ્રી મંજુલાબેન કેશવજી મેઘજી ગોસરાણી લો કોલેજ (૨૦૧૯)
જી.એચ.જી. ડી.ડી.એન. મેનેજડ સી.એસ. કાઉન્સેલીંગ સેન્ટર

આ ઉપરાંત વિદ્યોતેજક મંડળ પાસેથી ટેક ઓવર કરીને બી. એડ. કોલેજનો પણ પ્રારંભ કર્યો. ત્રણેક વર્ષ પી.ટી.સી. કોલેજ પણ ચલાવી એટલું જ નહીં કોલેજમાં ટુંકા ગાળામાં વિવિધ કોર્ષ પણ ચાલે છે જે વિદ્યાર્થીઓને રોજગારી માટે ખૂબ મદદરૂપ છે. લાખાબાવળમાં એન્જીનિયરીંગ કોલેજમાં ખરીદવામાં આવેલી જગ્યા એન્જીનિયરીંગ કોલેજનાં પ્રોજેક્ટ માટે વાયેબલ નહીં હોવાથી તેને નેચરોપેથી હોસ્પીટલમાં ફેરવવામાં આવ્યો. હોસ્પીટલ માટે આર. કે. શાહ પરિવાર તરફથી રૂા. ૫૧ લાખનું દાન આપવામાં આવ્યું. આજે નેચરોપેથી ૮૦ બેડની હોસ્પીટલમાં દવા વિના દર્દીઓને સાજા કરવામાં આવે છે.

આમ સાવ નાના પાયે શરૂ થયેલી શૈક્ષણિક સંસ્થાઓ આજે નવાનગરનું નજરાણું કહી શકાય એટલી વિકસીત થઈ છે જેમાં લગભગ ચારેક હજાર વિદ્યાર્થીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્યનો પાયો ઘડી રહયા છે.

જગતમાં વિદ્યાદાન જેવું શ્રેષ્ઠ દાન અન્ય કોઈ નથી એ વાત આ તમામ દાનવીરોએ સાબિત કરી દીધી. શ્રી લખમશીભાઈ ગોવિંદજી હરિઆનાં નામે શરૂ થયેલ શૈક્ષણિક સંસ્થા (૧૯૮૧) પછી આ જ સુધી સમાજનાં ઘણાય દાનવીરો દ્વારા એને વાવેલ બીજને દાનનું જળ સિંચીને વટવૃક્ષ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું છે. કાયદાની જોગવાઈ પ્રમાણે સંસ્થાઓને ટ્રસ્ટ સંચાલિત બનાવવા માટે ૧૪/૩/૧૯૮૬ નાં શુભ દિવસે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના થઈ અને તમામ શૈક્ષણિક સંસ્થાઓ એના નેજા હેઠળ આવરી લેવામાં આવી.

આજે આ તમામ સંસ્થાઓ ભારતનાં ભાવિ નાગરીકોમાં સંસ્કાર અને શિક્ષણનું સિંચન કરી રહી છે. સમગ્ર નવાનગર માટે આનાથી રૂડી વાત બીજી શું હોઈ શકે ? આવો આપણે સૌ સાથે મળીને આ તમામ શૈક્ષણિક સંસ્થાઓનાં વધુ વિકાસની કામના કરીએ.

From the Desk of Publisher
**Ramniklal K. Shah**



# Oshwal Education Trust managed Institutions & its gradual Development

**Success is not in the palm of your hand and monuments do not have a blue print. You have to build it.**

These poetic lines explains that, whether it is life or a monument success starts from building a good foundation with the two most important ingredients i.e., constant struggle and continuous efforts.

In the history of Nawanagar or Choti Kashi or Jamnagar the Oshwal Education Trust managed educational institutions has earned a distinguished name.

Shri Lakamshi Govindji Haria gave the auspicious start to this journey on 4th Dec 1981, and launched Shri LG Haria School the first step towards a greater goal.

It was a period of struggle, but the will power of the trustees was strong. The seed that was sown in 1981 is today a sprawling banyan tree. After five years GIDC gave a common plot and Rs 1.5 lakh grant for a new school building which is now the site of Shri LG Haria school.At that time there were very few English medium schools so as the number of students increased the second floor was constructed. During this time the trust realized that the city lacked an English medium college so a new idea took shape.

Shri Gosar Hansraj Gosrani gave a donation of Rs 21,00000 which gave wings to the trust to carry on the development work in the field of Higher Education, proving that good work always has the hand of God.

Seeing the noble work, the 2-acre land was donated by Shah Bhagwanji Kachara and the college building was shifted to Shah Bhagwanji Kachra Education Complex which houses seven colleges.

The list of other institutions managed by OET are as follows:

Shri Gosar Hansraj Gosrani Commerce College - 1998

Shri Dharamshi Devraj Nagda BBA College -1998

Shri Jaysukhlal Vadher Institute of Management studies (JVIMS) &

Shri Bipin T Vadher college of Management MBA College -2000

Haria Institute of spoken English & Personality Development -2001

Smt Chandramaniben Zaverchand Meghji Gosrani College -2002

Shri Nathalal Virpar shah Boys Hostel -2004

Smt Jashodaben NathalalVirpar Shah Girls Hostel – 2007

Haria Kidland park Play House-2011

Haria Global School ( CBSE school)

Smt Manjulaben Keshavji Meghji Gosrani Law College -2019

GHG DDN CS Counselling Center

GHG DDN managed PG College of Commerce

Besides these colleges the trust had taken up the onus to run B.Ed. college from Vidyotejak Mandal , For three years the trust had run the PTC college. Besides many short-term classes were conducted to help students find suitable employment.

As the plan to build an engineering college at Lakhabawal could not materialize the trust started the Natropathy hospital.Shri R K Shah donated 51 lakhs to this Natropathy Centre where people can be treated without medicines.

It was a small step by OET, but a giant leap with a remarkable presence in the city of Jamnagar where thousands of students are expanding their horizons of education through the many institutions.

The most beautiful donation is the donation of knowledge, which is provided by the donors who have nurtured the tree of knowledge.

In order to formalize the work and to bring all institutions under one head the Oshwal Education Trust was formed On 14th March 1986 instilling values and knowledge to the future generation of India.

What can be a greater contribution than the gift of knowledge through the institutions managed by OET.

Let's come together and pray for the growth of these well acclaimed institutions.



શ્રી લખમશીભાઈ ગોવીંદજી હરિઆ
૩૧/૧૨/૧૯૧૧ - ૧૩/૦૫/૧૯૯૭

# શ્રી લખમશીભાઈ ગોવીંદજી હરિઆ

કાઠીયાવાડી બોલીમાં લખાયેલ એક પ્રચલિત દુહો છેઃ

જનની જણ તો ભગત જણ,
કાં દાતા ને કાં શૂર,
નહિતર રહેજે વાંઝણી ,
મત ગુમાવીશ નૂર



શ્રીમતી પ્રભાબેન લખમશીભાઈ હરિઆ
૧૯૨૬ - ૧૯૯૯

સૌરાષ્ટ્રની ધીંગી ધરા પર કેટલાય દાનવીરો હિરાની માફક ચમકયા છે પોતાના દાનની અવિરત સરવાણી દ્વારા પોતાના સમાજને સિંચવાનું ભગીરથ કાર્ય પુરુ કરીને સમાજમાં સુવાસતા ફૂલડાની જેમ એમનાં વ્યકિતત્વ અને ચરિત્ર મધમધી રહયા છે. કયાંક ભામાશા થઈને વિરત્વની પડખે ઉભા રહી વિરતામાં ચાર ચાંદ લગાવી રહયા છે! તો કયાંક પરદુ:ખભંજન બનીને પાયાના પથ્થર તરીકે કામ કરી રહયા છે.

મારે વાત કરવી છે અરબ સાગરની કુખે નવાનગર માં ગર્ભમાં પાંગરેલ એક સાચા મોતી સમા યુગપુરૂષ શ્રી લખમશીભાઈ ગોવીંદજી હરિઆની........

જામનગર જીલ્લાનાં લાલપુર તાલુકાના મિઠોઈ ગામે મોસાળમાં એમનો ૧૯૧૧માં જન્મ. આમ તો મુળ વતન કજુરડા પણ આખું જામનગર એનાં ખોળે રમતુ હોય તેમ અવિરત સ્નેહથી વતનપ્રેમ ને સિંચ્યો. યુવાનીનાં ઉંબરે પગ મુકયા તો ત્યાં કાંટાની કેડીઓ જ હતી. ન જમીન, ન પૈસા.... ઘણીય આર્થિક મુશ્કેલીઓ નજર સામે નાચી રહી હતી. છતાયેં હિંમતની પાંખો વિંઝીને ૧૯૨૮માં સલાયા બંદરે વહાણ માં બેસી, દરિયો ખેડી ને આફ્રિકા પહોંચ્યા. લખમશીભાઈએ આંખોમાં સપના તો અમીરાતનાં આંજેલા, પણ હજુ સફળતા એના ભાગ્ય થી ઘણીય દૂર હતી. આફ્રિકામાં આવેલી ભયંકર મંદીના કારણે ૧૯૩૨માં એમને પરત આવવું પડયું. એમના સપનાં તુટયાં! પણ હિંમત નહિં એમના અડગ આત્મ વિશ્વાસ સામે ભલભલા હાર માની લે એવું વ્યકિતત્વ હતું શ્રી લખમશીભાઈનું.

બોમ્બે પરત આવ્યા પછી આફ્રિકામાં રહેતા કાકાનું પ્લેગનાં દારૂણ રોગમાં અવસાન થયું. પ્રથમ વિશ્વયુધ્ધ પછી જાણે બધુંજ પડી ભાંગ્યુ.

લખમશીભાઈ એ સમયે માત્ર બે ધોરણ પાસ. ભણતર ખૂબ ઓછું પણ ગણતર જાણે ગળથુથીમાં જ મળ્યું હોય તેમ પોતાની કાર્યદક્ષતા અને કાબેલીયત ને પોતાની જાત મહેનતથી સિધ્ધ કર્યા.

ગુરૂની ગરિમા એને મન ઈશ્વર કરતાંય અધિક હતી. મૂળ પડધરી ગામનાં નરભેશંકર મુળજી એમનાં આદર્શ શિક્ષક, જેને લખમશીભાઈએ આજીવન ગુરૂનો દરજ્જો આપ્યો, અને પોતાના હૃદયમાં એમનું આગવું સ્થાન બનાવ્યું.

ઉંમરનાં દરેક પડાવ જીવનમાં સરખા નથી હોતા. સંઘર્ષમયી આ યાત્રામાં ૧૯૭૦ પછી ધીરે ધીરે એમની દૃષ્ટિમાં ઝાંખપ આવી. જેમાં ઝાંખપ આવી એતો ચર્મચક્ષુ હતા પણ લખમશીભાઈનાં આંતરચક્ષુ પર ઈશ્વરનો અદકો ઉપકાર હતો. યાદશકિતની તીવ્રતા એવી કે મોટાભાગનાં ટેલીફોન નંબર સાવ જીભને ટેરવેજ બેઠા હોય. ગમે ત્યારે, ગમે તેનાં નંબર પૂછો એટલે ગુગલ કરતાંય તીવ્ર ગતિથી જવાબ મળે. અરે! ઘરમાં આવતી વ્યકિત નાં પગલાનાં સાવ પાતળા અવાજ પરથી વ્યકિતને ઓળખી લ્યે એવી પ્રચંડ સંવેદનાનાં અધિકારી.

એમની સાથે બેસનાર એમનાં આત્મીયને એમની પોતાની પેઢીના ઘણાય સગા વ્હાલાઓનાં નામ ન આવડતા હોય, પણ

continue on page 07

continue from page 06

લખમશીભાઈને એના આ તમામ આત્મીય ની સાવ જૂની પેઢીઓ પણ જાણે હજી હયાત જ હોય એવી રીતે યાદ રહેતી. સમાજનાં એમનાં આત્મીયની પેઢીઓમાં કોણ વ્યકિત કેવી હતી, કયાં રહેતી, એનાં જુના ઘર કેવા હતા, સ્વભાવે કેવા હતા...... આવી કેટલીય સ્મૃતિઓ સાક્ષાત સરસ્વતી થઈને એની જીભે રમતી. આ વિચક્ષણ યાદશકિત માટે કોઈ એમને પુછે તો તેઓ કહેતા કે તમારે તો બધું લખવું પડે મારે તો ભગવાને આપેલી અંતરમનની પાટીમાં આ બધું ન ભુંસાય એવી રીતે લખેલું હોય છે.

સમાજ શ્રેષ્ઠી અગ્રણી શ્રી રમણીકભાઈ શાહ લખમશીભાઈના સાવ અંગત અને નજીકનાં આત્મીય. લખમશીભાઈની આ અદભૂત યાદશકિત અને અંતરચક્ષુ વિશે રમણીકભાઈ શાહે તેની સાથે જીવનની કેટલીય અમુલખ ક્ષણો માણી છે. આ ક્ષણો નાં સાક્ષી શ્રી રમણીકભાઈ શાહ લખમશીભાઈ ની અંતર સ્ફુરણા વિશે વાત કરતા કહે છે કે લખમશીભાઈ સાથે રમણીકભાઈ ગાડીમાં બેસીને કયાંય જતા હોય, ગાડી રમણીકભાઈ ચલાવતા હોય, લખમશીભાઈ આગળજ બેઠા હોય.. ચક્ષુ નો સાથ નહીં પણ છતાંય દિવ્ય દષ્ટિની કોઈ કિરણ સતત એને દોરતી હોય તેમ ગાડી ચલાવનાર ને તેઓ સુચન કરતા કે ફલાણું ફલાણું બોર્ડ આવશે ત્યાંથી જમણી બાજુ, અને ત્યાર પછી ફલાણું બોર્ડ આવે એટલે ત્યાંથી ડાબી તરફ ગાડી લઈ લ્યો, એટલે આપણે જયાં જવું છે ત્યાં પહોંચી જઈશું. આનાથી વધારે આંતરસુઝ કોનામાં હોય?

૧૯૮૦ માં અચાનક જ લખમશીભાઈની અંદર બેઠેલો ભામાશા જાગી ઉઠયો. અનુદાન કરવાની તીવ્ર ઈચ્છા સાગરનાં મોજા ની જેમ હૃદયમાં ઉછાળા મારવા લાગી અને આ ઈચ્છાને ફળિભૂત કરવા એ સમયે રૂપિયા ત્રીસ લાખનું દાન આપીને એ ઈચ્છા પૂરી કરી. સમાજ શ્રેષ્ઠી શ્રી રમણીકલાલ શાહે એમનાં સુપુત્રો શ્રી જેન્તિભાઈ હરિઆ અને કાંતિભાઈ હરિઆને પુછયું કે બાપુજી આ દાનનો ધોધ વહાવે છે તો એમાં તમને કોઈ આપતિ તો નથીને?

સાહેબ, આ તો મોરનાં ઈંડા છે એને ચિતરવા ન પડે. ગુજરાતીમાં કહેવત છે 'બાપ જેવા બેટા ને વડ એવા ટેટા'..... બંન્ને ભાઈઓ દરિયાદિલી ને જાણે ઘોળીને પી ગયા હોય તેમ ઉદાર દિલે એક અવાજે કહયું કે બાપુજીએ પોતે કમાયેલી જેટલી મૂડી છે તે બધીજ કદાચ દાન પેઠે સમાજ માટે વાપરી નાંખે તો આનાથી ઉમદા ક્ષણો જીવનમાં કઈ હોઈ શકે? લખમશીભાઈ માત્ર અમારા પિતાજ નથી, સમગ્ર સમાજનાં શિરમોર છે. સમાજનાં સાવ છેવાડાનાં માણસને ય તકલીફ હોય તો પોતાના સંતાનોને પડતી તકલીફની પીડા જેવી જ પીડા પિતાજી ને કોરી ખાતી.

૧૯૮૦ માં પંજાબના ગર્વનર શ્રી જયસુખભાઈ હાથીએ પુછયું કે લખમશીભાઈ, તમારે આટલું બધું દાન એક સાથે કરી નાખવું છે? ત્યારે લખમશીભાઈ નો એક જ જવાબ રહેતો કે આજે કદાચ કરોડપતિમાંથી જો 'ક' કાઢી નાખવામાં આવે શબ્દનો અને વ્યકિત નો અર્થ બદલી જતો હોય છે. આજે દાન કરવાની ઈચ્છા થઈ તો આજે જ કરી દેવું, કાલની રાહ ન જોવી. કારણકે 'આજ નો લ્હાવો લીજીએ રે કાલ કોને દીઠી છે?'

સમગ્ર ઓશવાળ સમાજમાં શ્રેષ્ઠ દાનવીર શ્રી એમ. પી. શાહ પછી જો કોઈ સમાજ શ્રેષ્ઠી દાનવીર કહી શકાય તો એ લખમશીભાઈ.

લખમશીભાઈનાં પૂર્વપત્ની શ્રી ઝવેરબેનનું અવસાન થતાં પ્રભાબેન સાથે બીજા લગ્ન કર્યા. આ સમયે પણ પરિસ્થિતિ એવી હતી કે આ બીજા લગ્ન માટે ૧૦૦ રૂપિયા જેવી લોન લખમશીભાઈને પ્રેમચંદ ગુલાબચંદ પાસેથી લેવી પડેલી પણ જુની પીડાઓને ભૂલી જીવનમાં આગળ વધવું અને પાછું ફરી ન જોવું એવો સંકલ્પ પૂરો કર્યો.

શ્રી લખમશીભાઈ ઓશવાળ સમાજના પ્રમુખપદે રહયા. લખમશીભાઈની ધંધાકીય કારકિર્દી પણ ખૂબ ઉજ્જવળ રહી. વ્યાપાર વણજ દ્વારા એમને શૂન્યમાંથી સર્જન કરીને સમાજને બતાવ્યું કે સફળતા ની રેખાઓ હાથમાં ચિતરેલી નથી હોતી, કઠોર પરિશ્રમ દ્વારા આ ભાગ્યરેખા ને દોરવી પડે છે વેપાર વાણિજયમાં ઝંપલાવ્યા બાદ પાછું વળીને જોવું એ એમનાં

continue on page 08

continue from page 07

સ્વભાવમાં જ ન હતું. શરૂઆતમાં જેંતિલાલ એન્ડ કંપની નામથી એકસપોર્ટ બિઝનેશ શરૂ કર્યો...... ને પછી તો આ વેપાર વાયુવેગે આગળ વધ્યો. જેન્તિભાઈ હરખચંદ એન્ડ કંપનીમાં શરૂ કરેલ એકસપોર્ટ હાઉસમાં, હરિઆ એકસપોર્ટ લિમિટેડ કંપનીમાં, અને અન્ય નાના મોટા વેપાર ક્ષેત્રમાં અગ્રેસર રહયા. વાપીમાં મહાવીર ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી અને ગારમેન્ટની ફેકટરીમાં મહા ઉત્પાદન શરૂ કર્યુ. જેની રગેરગમાં સમાજ માટે જીવવાની ઈચ્છાઓ વહેતી હોય એને દેશની કોઈ સીમાઓ મર્યાદાઓ કેમ બાંધી શકે! લખમશીભાઈએ ભારતભૂમિમાં પોતાનો ડંકો વગાડયા પછી પરદેશની ભૂમિ પર પણ નજર દોડાવી માટીમાંથી મનેખ પેદા કરનાર આ વ્યકિતને મન વિદેશની ધરતી પર વેપાર કરવો સાવ રમત વાત હતી. લખમશીભાઈની ખ્યાતિ સીમાડાઓ છોડી ને પરદેશમાં પણ એની સુગંધ ફેલાવવા માંડી હરિઆ એકસપોર્ટની ઓફીસો લંડન, અમેરિકા, નૈરોબી, દુબઈ, કંપાલા અને આવાતો કેટલાય જાજરમાન સ્થળો પર ખોલી અને પોતાનું અલગ વ્યકતિત્વ ઝળકાવ્યું.

આ સિવાય પણ ૧૯૮૧માં જામનગરમાં શ્રી એલ. જી. હરિઆ સ્કૂલની સ્થાપના કરી સમાજનાં બાળકોની કારકિર્દીનાં ઘડવૈયા બન્યા, વાપી ખાતે હરિઆ હોસ્પિટલ ની ૨૫૦ પથારીની હોસ્પિટલ બનાવી સમાજ ને અર્પણ કરીને ગરીબ અને રોગગ્રસ્ત માટે જાણે જીવનદાતા બન્યા. વાપીમાં જ પ્રખ્યાત આદિશકિત મા અંબાજીના મંદિર ની મૂર્તિ પ્રતિષ્ઠા પણ લખમશીભાઈએ કરેલી. જેનો આજની તારીખમાં ૭૦ લાખ રૂપિયા જેવી માતબર રકમનો વાર્ષિક હિસાબ થાય છે.

સાદુ જીવન અને ઉચ્ચ વિચારનાં હઠાગ્રહી શ્રી લખમશીભાઈ પોશાકમાં લાંબો કોટ અને સફેદ પાઘડી પહેરતા. આ સાદા પોશાકમાંય તેનું જાજરમાન વ્યકિતત્વ અન્ય કરતાં ઉડીને આંખે વળગે એવું હતું.

એમનાં જયેષ્ઠ પુત્રશ્રી ધીરુભાઈ હરિઆનું ૧૯૬૫માં આવસાન થતા લખમશીભાઈ નાં જીવનમાં એક વસમી ઘડી વ્યાપી ગઈ. પણ જીવનની કોઈપણ ક્ષણે હતાશ થયા વગર કર્મની કેડી પર ચાલનાર ને સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં જ જીવન જીવવાની નેમ રાખનાર શ્રી લખમશીભાઈએ આ વેદનાને હડસેલો મારી ફરીથી જીવનની ગતિને પૂર્વવત કરી લીધી. એમની નજરે પુત્રનો વિકલ્પ શોધી લીધો હતો. પોતાની પુત્રવધૂ માંજ એની દ્રષ્ટિ પુત્રને શોધવા લાગી અને પોતાની કુળવધૂને દિકરા કરતાંય અદકેરા માન સાથે પોતાની દિકરી નહીં પણ દિકરો માનવા લાગ્યા, પૂત્રવધૂની સારસંભાળ, એની જીવન જરૂરિયાત જાણે એના માટે એક મંત્ર બની ગયા.

જીવનનાં આ તડકા - છાંયડાઓ જોતા જોતા, સહન કરતા કરતાંય લખમશીભાઈએ પોતાની જીંદગીની યાત્રા જળકમળવત્ રાખી હતી. સુર્ય ને પણ ઉદય - અસ્ત છે. કાળને પણ લય - પ્રલય છે. તો આપણે તો માત્ર પામર મનુષ્ય છીએ. ૧૯૧૧માં શરૂ થયેલી લખમશીભાઈની જીવનયાત્રા ૧૯૯૭માં ૮૬ વર્ષે પૂરી થઈ. સમાજ ને પડેલી આ ખોટ કયારેય પૂરી શકાય એમ નથી. છતાંયે લખમશીભાઈએ સમાજ માટે કરેલ સમર્પણ યાવદ્ ચંદ્ર દિવા કરૌ.... અમર રહેશે. ભવિષ્યમાં પણ સમાજમાં ફરીથી આવા દાનવીર તરીકે કોઈ જન્મશે અને અવિરત દાનનો પ્રવાહ વહેશે ત્યારે ચોક્કસ જાણવું કે લખમશીભાઈની દિવ્ય ચેતના એ શરીરની ભીતર પ્રવેશી છે.

શિયાળામાં પાછલી રાતે આવતી ઝાકળ જેમ ઘઉં - ચણા નાં પાકમાં રસ સુધા પૂરે છે એવી જ રીતે લખમશીભાઈએ સમાજમાં સૌના જીવનમાં મદદગાર બનીને જીવન ને જીવવા જેવા કર્યા છે. આવી મહાન વિભૂતિ જયારે પંચમહાભૂતમાં વિલિન થાય ત્યારે એક ક્ષણ માટે કાળ પણ દુઃખી થાય. પણ જેમનો જન્મ નક્કી એમનું મહાપ્રયાણ પણ નક્કી. જે દિવસે લખમશીભાઈએ આ દુનિયા છોડી ને મહાપ્રયાણ કર્યુ હશે, તે દિવસે રાત્રે આકાશનાં તારાઓમાં એક તેજસ્વી તારો લખમશીભાઈની દિવ્ય ચેતના બનીને સ્થાન પામ્યો હશે.

**શ્રી લખમશીભાઈને શ્રધ્ધાંજલી સહવંદન**

# હરીઆ પરિવાર તરફથી શૈક્ષણીક સંસ્થાઓ

| ક્રમ | જામનગર | ક્રમ | વાપી એરીયા |
|---|---|---|---|
| ૧ | હરિઆ કીડલેન્ડ પાર્ક - જામનગર | ૧ | વાપી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત<br>શ્રી એલ. જી. હરિઆ મલ્ટીપરપઝ સ્કૂલ - વાપી |
| ૨ | શ્રી લખમશી ગોવીંદજી હરિઆ સ્કૂલ - જામનગર | ૨ | કૌશિક હરિઆ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત<br>કેશવજી ભારમલ સુમરીયા કોમર્સ કોલેજ - વાપી |
| ૩ | શ્રી એલ. જી. હરિઆ હાઈસ્કૂલ - જામનગર | ૩ | કૌશિક હરિઆ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત<br>નટરાજ પ્રોફેશનલ કોલેજ - વાપી |
| ૪ | શ્રી ગોસર હંસરાજ ગોસરાણી કોમર્સ કોલેજ<br>જામનગર | ૪ | કૌશિક હરિઆ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત<br>પ્રવિણા શાંતિલાલ શાહ પી. જી. સેન્ટર - વાપી |
| ૫ | શ્રી ધરમશી દેવરાજ નાગડા B.B.A. કોલેજ<br>જામનગર | ૫ | કૌશિક હરિઆ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત<br>કૌશિક હરિઆ ટેકનીકલ સેન્ટર (ITI) |
| ૬ | શ્રી જયસુખલાલ વાઘર MBA કોલેજ<br>જામનગર | ૬ | આદર્શ કેળવણી મંડળ, કરવડ સંચાલિત<br>કૌશિક કાંતિલાલ હરિઆ હાઈસ્કૂલ - કરવડ |
| ૭ | હરિઆ ગ્લોબલ સ્કૂલ (CBSE) જામનગર | ૭ | ભારતીય જનસેવા સંસ્થા , માની સંચાલિત<br>લખમશી ગોવીંદજી હરિઆ સ્કૂલ - માની |
| ૮ | લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર<br>લાખાબાવળ | ૮ | ભારતીય જનસેવા સંસ્થા , માની સંચાલિત<br>રમીલાબેન કાંતિલાલ હરિઆ ગર્લ્સ હોસ્ટેલ - માની |
| ૯ | શ્રીમતી મંજુલાબેન કેશવજી મેઘજી ગોસરાણી<br>L.L.B. કોલેજ - જામનગર | ૯ | ભારતીય જનસેવા સંસ્થા , માની સંચાલિત<br>કૌશિક કાંતિલાલ હરિઆ બોયઝ હોસ્ટેલ - માની |
| ૧૦ | G.H.G. D.D.N. મેનેજડ PG કોલેજ ઓફ કોમર્સ<br>જામનગર | ૧૦ | એલ. જી. હરિઆ રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત<br>લખમશી ગોવીંદજી હરિઆ રોટરી હોસ્પીટલ - વાપી |
| ૧૧ | G.H.G. D.D.N. મેનેજડICSI સ્ટડી સેન્ટર<br>જામનગર | ૧૧ | વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત<br>અંબામાતા મંદિર સંકુલ |
| ૧૨ | JVIMS IMBA કોલેજ - જામનગર | ૧૨ | હરિઆ પાર્ક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત<br>અંબામાતા મંદિર સંકુલ |
| ૧૩ | શ્રી હરિઆ ઇન્સ્ટીટયુટ ઓફ સ્પોકન ઈંગ્લીશ<br>જામનગર | | **ટ્રસ્ટનાં ભવિષ્યનાં પ્રોજેક્ટ** |
| ૧૪ | શ્રીમતી જશોદાબેન નાથાલાલ ગર્લ્સ હોસ્ટેલ<br>જામનગર | ૧ | આર્યુવેદીક કોલેજ |
| ૧૫ | શ્રી નાથાલાલ વિરપાર શાહ બોયઝ હોસ્ટેલ<br>જામનગર | ૨ | આર્યુવેદીક હોસ્પીટલ |
| ૧૬ | શ્રીમતી ચંદ્રમણીબેન ઝવેરચંદ ગોસરાણી BCA કોલેજ<br>જામનગર | ૩ | ઓશવાળ યુનિવર્સિટી |
| ૧૭ | શ્રી કેશવજી ભારમલ સુમરીયા MCA કોલેજ<br>જામનગર | ૪ | CISCE સ્કૂલ |

# શ્રી એલ.જી.હરિઆ સ્કૂલનાં ૪૦માં સ્થાપના દિને ઐતિહાસિક સાઈકલ રેલી



તા. ૦૪/૧૨/૨૦૨૧ એટલે શ્રી એલ.જી. હરિઆ સ્કૂલ માટે અનોખો અને ઐતિહાસિક દિવસ.શ્રી એલ.જી હરિઆ સ્કૂલની સ્થાપના તા. ૦૪/૧૨/૧૯૮૧નાં પાવન દિવસે થઈ હતી જેને આજના દિવસે ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહયા છે ત્યારે આ ૪૦માં સ્થાપના દિનને ઐતિહાસિક રીતે ઉજવવા શાળાએ અલગ અલગ ૪૦ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તેમાંથી આજે કાર્યક્રમનાં ભાગરૂપે શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટ દ્વારા એક ભવ્ય સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે ભાગ લીધો હતો. શાળાનાં વિશાળ પટાંગણમાં રેલી માટે સજ્જ કતારબધ્ધ સાઈકલોને વ્યવસ્થિત રીતે ગોઠવીને વિદ્યાર્થીઓએ સ્વયં શિસ્તનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. આ ઐતિહાસિક સાઈકલ રેલીને શાળાએથી પ્રસ્થાન કરાવવા શહેરની નામાંકિત અને પ્રતિષ્ઠિત વ્યકિતઓ ઉપસ્થિત રહી હતી. જેમાં એ.એસ.પી. શ્રી નીતેષ પાંડે, શ્રી એસ. એસ. નેગી (ડિફેન્સ), ડો. રાજેન્દ્ર વિરાણી, ડો. અમરીશ જાડેજા(જે.સી.સી.) વગેરે મહાનુભાવો સહર્ષ હાજર રહયા હતા.પધારેલા મહાનુભાવોનાં વરદ્હસ્તે લીલી ઝંડી આપીને રેલીને પ્રસ્થાન કરાવાયુ હતું. આ રેલી નગરનાં અલગ અલગ રાજમાર્ગો જેવા કે એમ્યુઝમેન્ટ પાર્ક,ખોડીયાર કોલોની, પટેલ કોલોની, શરૂ શેકસન રોડ વગેરે જગ્યાએથી પસાર થઈ હતી. આ સાઈકલ રેલી દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓએ નગરજનોને શકય એટલા ઓછા વાહનોનો ઉપયોગ કરીને જો એની જગ્યાએ સાઈકલનો ઉપયોગ કરવામાં આવે તો નગરને પ્રદુષણમાંથી મુકિત મળે એવો શુભ સંદેશ પાઠવ્યો હતો. શહેરના રાજમાર્ગો પર શાળાની આ સાઈકલ રેલી દ્વારા સ્વચ્છતા,વિકાસ અને દેશની એકતા અખંડિતતા બાબતે જનજાગૃતિ ફેલાય એવા નારા લગાવવામાં આવ્યા હતા. લગભગ દોઢેક કલાક શહેરના રાજમાર્ગો પર ફરેલી આ રેલી ૧૦:૦૦ વાગ્યે શાળાએ પરતફરીહતી. રેલી દરમ્યાન સૌ વિદ્યાર્થીઓમાં શાળાનાં ૪૦માં સ્થાપના દિવસનો અનોખી રીતે ઉજવણી કરવાનો આનંદ દેખાઈ રહયો હતો. શાળા તરફથી પરત ફરેલી સાઈકલ રેલીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર અને લીંબુ શરબતની વ્યવસ્થા શાળા તરફથી કરવામાં આવી હતી. શાળાનો આંશિક સ્ટાફ અને શાળાનાં આચાર્ય શ્રીધવલ પટ્ટે પણ રેલીની સાથે જોડાઈને વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યુ હતું. સમગ્ર રેલી દરમ્યાન જામનગર પોલીસ જવાનોએ રેલીની સાથે રહીને જાહેર માર્ગો પર રેલીના કારણે કયાંય ટ્રાફિકજામ કે રાહદારીઓને કોઈ અડચણ ન પડે એનું પૂરતું ધ્યાન રાખ્યું હતું. આમ, આ ઐતિહાસિક રેલી આજનાં દિવસે નગરજનોનાં ધ્યાનનું આકર્ષણ કેન્દ્ર અને નજરાણું સાબિત થઈ હતી.









# CYCLE RALLY

The first and the foremost event which marked the beginning of the series of events celebrating the presence of Shri L.G. Haria School from the last 4 decades was "CYCLE RALLY". It was the most looked upon event. And each one from the school was preparing for it.

The event was inaugurated by Dy. S.P of Jamnagar as Chief guest along with our Principal Mr. Dhaval Patt. More than 200 students from Std.8, 9 &10 went for the rally with slogans, flags, and posters at their back promoting the 40 years of successful completion of the school in the city. They were escorted by the Police and the volunteers of the school.

Kudos! to the proud boys and girls of Shri L.G. Haria School spreading the joy of completing 40 years of excellence in the city of Jamnagar. Indeed, a very proud moment for all of us.

# DEBATE COMPETITION



Debate is one of the academic activities that give students a creative room to express what they feel. The length and breadth of knowledge that they gain through this is simply unparallel.

Our school has set a benchmark in conducting activities in such way that the students not only enjoy but also learn a great deal from it.

With the same perspective in view, an Inter-house Debate Competition was held on 22/12/2021.Students debated on the topic "Online vs Offline classes".

The debate took place on Tuesday in the School Auditorium and was judged by the dignitaries.



The teams were well prepared to convince the audience. The students made their arguments more emphatic with the right facial expressions, body movements and gestures. Both the teams exhibited great oratorical skills. They put in tremendous hard work to showcase their hidden talent and were very confident while presenting their arguments before the audience and the panel of judges.

# DOCTOR'S TALK



"God cannot be everywhere, so he sent the Doctors with excellence and selflessness." Today as a part of 40 years of celebration, Doctors Talk was arranged in our school on 12/12/2021. It was held in the school auditorium and was attended by entire staff of Oshwal Education Trust (OET) and the Principal of our school. Dr. Gaurav Gandhi was the chief speaker to address the event. He along with his team of two were felicitated by Dr. Bhartesh Shah (OET Trustee). The doctor discussed the causes of heart related issues, their solutions and has given ways to handle any kind of emergency. The session was quite enlightening. The session was quite interactive and many from the staff had got their queries solved. It was a great success and was appreciated by all.



# FASHION SHOW



The red carpet, the latest apparels, costumes, jewelries and the accessories and the right attitude makes it all. Yes, it is the Fashion show competition for class I to IV. We had Vibha Ma'am with us to judge the show. The show was attended by the parents of the participants and the school dignitaries. The children walked the ramp confidently and flaunted their attire very smartly. Based on modern style kids walked through the red carpet enticing everyone's heart present there. It was a difficult task to make the final judgement of the winner as all excelled over the other. It was one of the most entertaining events and everybody enjoyed the program.



# JUNIOR SPORTS MEET



Just as studies are important for the development of the mind, sports are important for the development of the body. It is a fact that a healthy mind can only reside in a healthy body. That's the reason why sports form an important part of the school curriculum.

With the same spirit in mind and commemorating the 40 years of excellence, Shri L.G. Haria School celebrated the Junior Sports Meet on 17/12/2021 for Class Nursery, L.K.G, U.K.G., 1st & 2nd.The event started with the opening ceremony, lighting of the torch, raising of the school Flag and speeches. Sports like - "Pick the Berries", "Balance the book", "Pom-pom race", "Shopping Shopping", "Obstacle Race" were held.



Children enjoyed throughout the event. At the end, the Principal declared the meet closed by lowering down the school flag followed by a vote of thanks. And the sports meet concluded with the National Anthem.

# MONO ACTING COMPETITION



Mono acting was held on 04/12/2021 in the school auditorium.One of the most beautiful art forms which is getting obsolete now a days was revived through this competition. The event was presided over by the school dignitaries and judges.Our Std. 7th students worked hard and unfolded the real character in themselves. The students played the role of several characters from their day-to-day life and the contemporaries.They kept the audience alive with their lively and hearth touching expressions. They entertained all of us with their unique acting skills. The purpose of this event was not just to have fun but also to hold on to one of our oldest styles of acting.



# NIGHT SKY VIEWING



A clear night Sky offers an ever-changing display of fascinating objects to see - stars, constellations, bright planets often the moon and sometimes special events like meteor showers.The best time for this activity is between sunset and sunrise which is so crucial for some space fans. 20/12/2021 has undoubtedly left its trace on the minds of the space enthusiasts of ShriL.G.Haria School.Chief guest Mr. Amit Vyas was invited for this exciting event.The terrace of the school was crowded with our little space enthusiasts of Std.7 & 8 and they got a closer view of moon, Saturn & Jupiter. The students were thrilled and were provided wholesome dinner after which they left the school premises safely.



# PLANTATION ACTIVITY



Tree planting is recognized as one of the most engaging and environment- friendly activities. Trees are essentially human beings and other organisms' livestock. Despite their rich values and importance, trees are not properly cared for. Plantation can in turn help in forest conservation and wildlife protection.



Plantation being one of the most vital activities to be done in today's world to have a proper ecological



balance, Std.1students of Shri L.G. Haria School took keen interest in planting more than 40 saplings on 09/12/2021.This activity was done by the tiny students at our school to inculcate the importance of planting trees.

# SALAD DECORATION COMPETITION



Healthy food, veggies and fruits is all a healthy body need. To boost up on the same line and Celebrating 4 decades of success, creative minds of Std. 9 have come up with beautiful salad decoration with 40 being the theme. "Salad Decoration" competition was kept in Shri L. G. Haria School premises on 14/12/2021.



One of the least visited counters in any buffet; however, one of the most vital part of food. Salad is not just peeling and chopping the vegetables or fruits for eating. It has another beautiful side to it. It is all about creativity, colours and nutrition adding to the taste buds



and our health. The students have proved their incredible creativity and were highly appreciated by the Principal (Mr. Dhaval Patt) of our school. Kudos to those 45 in group of 3 who made us so proud!

# SATURDAY SHOUTOUT



An interesting event open for all Jamnagar was arranged. Many Fun-filled activities for the pre - school students were planned and executed on 11/12/2021 under the umbrella of the event named "Saturday Shoutout".

It takes immense pleasure to share that the parents accompanied the kids to the school with all the preparedness. They were received with a warm welcome with encouraging speeches and a melodious song presented by our music teachers. The event took place in the presence of Principal Sir and other respectable dignitaries. Exciting games like: Cookies lover, Beat your luck and Musical Tambola were played. Parents loved the whole concept and supported in every move of the school.





The school received wonderful responses from both outside and in-house parents of our school. School has achieved a great benchmark after this event.

# SCIENCE EXHIBITION



Whole school waits for this event most eagerly. Our school encourages the growth of a scientific temperament in students from an early age. From 22/12/2021 to 24/12/2021 our school organized a Science Exhibition for the students of Std.9-12 under the expert guidance of Rajesh Sir from Career Point and Bhavna Shah Ma'am (Principal) Primary Section. Students have presented working models of the projects along with chart representation. The exhibition was exhibited in the Biology Laboratory & Physics Laboratory.



The main aim of the exhibition was to remind us of the Importance of Science & technology. All the students showcased their science projects enthusiastically. They were highly appreciated and encouraged by our Principal Mr. Dhaval Patt to do better. The event was also visited by our respected trustees and dignitaries from the city. Indeed it was a great learning experience for all.



# SMART GIRL WORKSHOP



At ShriL.G.Haria school, " Smart Girl Workshop" was organized to create physical, emotional, intellectual, and social awareness among the girls of Std.5,6&7. They were given inputs about good and bad touch and various social issues that the girl child faces in today's world.It was a very friendly and interactive session led by Bhavna Shah - the Principal of Primary Section and the students, wherein they opened up with their views about life and learnt how to smartly deal with any kind of vulnerable challenges society throws at them being fair, honest and transparent about the things." This kind of sessions are held to boost the morale of the female children in our society.



# TABLE-TENNIS TOURNAMENT



Sports are an integral part in all the schools and colleges. Sports develop the physical as well as mental strength in students. Daily physical exercise is essential for students because exercise not only helps students to stay healthy, but it also helps to improve their emotional fitness. Being aware of the same, Shri L. G. Haria School focuses on several games and sports in the school. This time on 06/12/2021 "Table-tennis competition" was held for the students of Std.6th to 12th.



Students played with full enthusiasm and won prizes for their respective houses. Seemingly a very competitive sport and needs the players quick decision. we can see glimpses of our students enjoying the sport to the core.

# TWIN-DRESS COMPETITION



Twining is in the air. The latest trend which can be often seen in the social gatherings or parties. Fueling to that idea, Twin dress competition was kept in Shri L.G. Haria School with all the arrangements for the parent and the child. The event was held on 18/12/2021 and was judged by Vibha Ma'am.



It was so fascinating to see 23 pairs of Twin dressswirling around the school campus. Held for the first time in the history of Shri L.G. Haria School by the parents and students of Std. 1- 4 flaunting traditional, party wear and retro dress. The parents were overwhelmed with joy and we are sharing the beautiful captures which will certainly glue your eyes to the screen.



# શ્રી એલ.જી.હરિઆ સ્કૂલમાં શ્રી સરદાર પટેલ જયંતિ રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી



તારીખ ૩૧ ઓકટોબર એટલે હિન્દુસ્તાનની વિરલ વિભૂતિ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો અવતરણ દિવસ. સમગ્ર વિશ્વમાં જેની ખ્યાતિ એક લોખંડી પુરૂષ તરીકે છે એવા ભારતનાં સિંહ સપૂત શ્રી સરદાર પટેલે ભારતને મળેલી સ્વતંત્રતા પછી નાના નાના રજવાડામાં વહેંચાયેલ આખા દેશને સંઘમાં વિલિન કરીને ભારતને એક નવુ રંગરૂપ અને એક નવી દિશા આપી છે. જે બાબતે ભારત એ મહામાનવનું સદૈવ ઋણી રહેશે. આ ભગીરથ કાર્યનો તમામ શ્રેય શ્રી સરદાર પટેલને ફાળે જાય છે. ભારતની એકતા અને અખંડિતતાની ગરિમાને એક નવું જ સ્વરૂપ આપનાર શ્રી સરદાર પટેલની જન્મ જયંતિ એટલે રાષ્ટ્રીય એકતા દિવસ. અખંડ ભારતનાં આ શિલ્પીને  સ્મરણાંજલિ આપવામાટે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં પણ સરદાર પટેલ સાહેબની જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસને એક નવા અને આગવા અંદાજથી ઉજવવામાં આવ્યો હતો. શાળાનાં વિશાળ મેદાનમાં ભારતનો સુંદર માનચિત્ર બનાવીને નકશાની આખીય કિનારી પર વિદ્યાર્થીઓએ જાતે ગોઠવાઈને એક અદભૂત અને ગૌરવપૂર્ણ ભારત કેવું સુંદર હોય એ વાતને દર્શાવીને માનવ સાંકળ બનાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓએ 'ભારત માતા કી જય''રાષ્ટ્રીય એકતા જીંદાબાદ' અને 'સરદાર પટેલ અમર રહો' નાં નારા લગાવીને સમગ્ર વાતાવરણને ગૂંજતું કરી દીધું હતું.નવા અંદાજમાં ઉજવાયેલા આ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટ, શાળાનો શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. આમ, શ્રી સરદાર પટેલની અમર ચેતનાને માનવ સાંકળ રચીને 'એકતા અને અખંડિતતા પૂર્ણ ભારતનાં ઉપસ્થિત સૌને દર્શન કરાવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા આ એક આગવા અંદાજમાં શ્રી સરદાર પટેલને સૌએ સાથે મળીને એકતાના શ્રધ્ધા સુમન અર્પણ કરીને ધન્ય થયાની લાગણી અનુભવી હતી.

# વિદ્યાર્થી જીવન અને પડકાર

- સંકલન : ધવલ પટ્ટ
પ્રિન્સીપાલ, શ્રી એલ.જી. હરીઆ સ્કૂલ

માનવજીવનમાં આવતા કોઈપણ સંજોગોને જો એ છે એવી જ સ્થિતિમાં સ્વીકારી લઈએ તો વિકાસ અને પ્રગતિની દિશાઓ અવરોધાવા માંડે. સમય કે સંજોગ ગમે તેવા પ્રતિકુળ હોય તો પણ એનો સામનો કરવો જ પડે છે. વિદ્યાર્થી જીવનમાં તો ડગલેને પગલે આવા સંજોગો ઉભા થતા હોય છે. આવા સંજોગોની સામે નતમસ્તકે બેસી રહીએ તો આપણી દિશા અને દશા બંન્ને નકારાત્મકતાથી ઘેરાય જાય. એટલે આવા વિકટ સંજોગોમાં એને બદલવા માટે આહ્વાન આપવું પડે. સામી છાતીએ આવા સંજોગોને સ્પષ્ટ પડકાર ફેંકવો પડે. આમ તો જીવનમાં દરેક અવસ્થાએ પડકાર વગર સફળતા જવલ્લે જ મળે છે. પછીએ કુટુંબ હોય,રમતગમત ક્ષેત્ર હોય કે રાજનીતિ. અરે ઘણી વખત તો સંબંધોને ટકાવી રાખવા માટે પણ કેટલાય પડકારનો આપણે સામનો કરવો પડતો હોય છે. રમતગમત જેવા ક્ષેત્રમાં તો આ પડકાર જ આપણને રમવા માટે પ્રેરે છે અને એ જ આપણને જીત તરફ દોરી જાય છે. કયારેક કોઈ યોગ્ય સંવાદનો અભાવ સર્જાય ત્યારે આપણે આપણી વાતને સંયમપૂર્વક પણ પડકારનાં રૂપમાં જ અન્ય સામે રજૂ કરવી પડે છે. મુશ્કેલીઓનાં વાદળ આપમેળે હટી જાય એવા નથી હોતા. અને જીવન છે તો મુશ્કેલીઓ અને વિઘ્નો તો રહેવાનાં જ. રસ્તામાં આવતા આ વિઘ્નોને કુનેહપૂર્વક હરાવીને માર્ગ સરળ બનાવવાની આવડત આપણે વિદ્યાર્થી જીવનમાં જ શીખવાની હોય છે અને એ શીખવા માટેની પૂર્વ શરત છે કર્મષ્ઠા, આપણા કાર્યમાં નિષ્ઠા અને સ્વભાવમાં સમદષ્ટિ. આ બધી વસ્તુને સાથે રાખીને જો પડકાર ફેંકતા કે ઝીલતા આવડી જાય તો ક્ષેત્ર ગમે તે હોય જીત નિશ્ચિત જ છે. હાલની સ્થિતિમાં કોવિડ - ૧૯ સમગ્ર વિશ્વ માટે એક પડકાર છે. એમાં ધીરજ ગુમાવી દેવાથી મોટુ નુકશાન વેઠવું પડે તેમ છે. એટલે આ પડકારની સામે બળ કરતા કળ, કુનેહ અને સંયમથી એક એક ડગલું મૂકવું પડે. જીંદગી એક કસોટી છે અને વિદ્યાર્થી જીવનમાં આપણે સૌ ગમે તેવા પડકારને ટકકર આપવા માટે એડીચોટીનું જોર લગાવી દેતા હોઈએ છીએ. કાળા માથાનો માનવી જો ધારે તો શું ન કરી શકે ? સંયમ સાથે અને સાચો પડકાર એટલે માણસ રડે પણ નમે નહીં. ડરે પણ હારે નહીં. જયારે પડકાર સામે હોય ત્યારે તુચ્છ અને પામર ગણાતા માણસમાં પણ વામનથી વિરાટ તરફની ગતિ આવી જાય છે અને એટલે જ ગમે તેવા પડકારને વળતો જવાબ આપવા માટે આક્રોશ વગરનો સંયમ અને પ્રહાર વગરની શિસ્ત જરૂરી છે. અને જયારે આ બધી જ વિચારધારાઓ તીવ્ર વેગે વિદ્યાર્થી જીવનમાં સ્પષ્ટપણે દેખાવા માંડે ત્યારે એ માણસ મકકમપણે કહી શકે કે,

"હર ક્ષણે આ જીંદગી પડકાર છે.
એ જ તો સંસારનો શણગાર છે.
જીતવું જો હોય તો લડવું પડે
ને લડત પર આખરી આધાર છે."

# CZMG BCA College
# Data science - Present Demand and Future Inheritance of IT companies.

Every company will be a tech company in the future and the dealer will be fueled with the powers of this revolution.

Data science - a buzzword of this digital world where the cut-throat competition exists today as well as will remain in the decades ahead!

It shows the immense potential the way we look the data and computers itself since it is useful for providing Artificial Intelligence solutions,highly paid jobs,demanding high expertise and a trending career path for decades.

Hey, but what is data and data science?How it is useful for building a career?

Data is a raw material,so it can be structured as well as unstructured,working with it is an important skill in this field. Structured like excel sheets,graphs,etc. and unstructured like images,audio,video, etc. Around 80% of data is in unstructured form in an enterprise.

The journey is as follows:

In the beginning first comes Mathematics: A necessary element for machine learning. Followed by Statistics: A Compliment of Mathematics,an approach rather than a concept.

